ભિંડીબજાર ક્લસ્ટર રીડેવલપમેન્ટ પ્રોજેક્ટને ફાસ્ટ ટ્રૅક ક્લિયરન્સ મળ્યું

મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટર દેવેન્દ્ર ફડણવીસે મહત્ત્વાકાંક્ષી ભિંડીબજાર ક્લસ્ટર ડેવલપમેન્ટની યોજનાને ફાસ્ટ ટ્રૅક ક્લિયરન્સ આપવાની જાહેરાત કરતાં આ યોજના ઝડપથી પૂર્ણ થવા માટેનો માર્ગ મોકળો બન્યો છે. ચીફ મિનિસ્ટરે ભિંડીબજાર રીડેવલપમેન્ટ પ્રોજેક્ટને પૂરેપૂરો સપોર્ટ આપવાની બાંયધરી તેમને મળવા ગયેલા સૈફી બુરહાની અપલિફ્ટમેન્ટ ટ્રસ્ટના ડેલિગેટ્સને આપી હતી અને આ પ્રોજેક્ટને મહારાષ્ટ્રના ૧૦ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સમાંનો એક ગણાવ્યો હતો.

સૈફી બુરહાની અપલિફ્ટમેન્ટ ટ્રસ્ટના ચૅરમૅન શાહઝાદા ડૉ. કાઈદજોહર ભાઈસાહેબ એઝ્ઝુદ્દીન તાજેતરમાં મ્હાડાના વાઇસ પ્રેસિડન્ટ અને CEO એસ. એસ. ઝેંડે અને MBRR બોર્ડના ચીફ ઑફિસર ડૉ. રામસ્વામી એન.ને મળ્યા હતા.

તાજેતરમાં સૈફી બુરહાની અપલિફ્ટમેન્ટ ટ્રસ્ટના ચૅરમૅન શાહઝાદા ડૉ. કાઈદજોહર ભાઈસાહેબ એઝ્ઝુદ્દીન મ્હાડાના વાઇસ પ્રેસિડન્ટ અને CEO એસ. એસ. ઝેંડેને મળ્યા હતા અને તેમની ટીમે ટ્રસ્ટની ઑફિસની મુલાકાત લીધી હતી. તેમની ટીમમાં MBRR બોર્ડના ચીફ ઑફિસર ડૉ. રામસ્વામી એન. પણ હાજર હતા. ટીમ તરફથી પ્રોજેક્ટના ફાસ્ટ ટ્રૅકિંગમાં પૂરેપૂરા સપોર્ટની ખાતરી પણ આપી હતી.

આ પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરીને વિશ્વમાં ઉદાહરણરૂપ બનવાના ઉદ્દેશથી એને ફાસ્ટ ટ્રૅકિંગમાં મૂકવામાં આવ્યો છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે ટ્રસ્ટે મુંબઈ સુધરાઈ તરફથી IODની બહાલી તેમ જ માસ્ટર પ્લાન લેઆઉટની મંજૂરી મેળવી લીધી છે. ટ્રસ્ટના CEO અબ્બાસ માસ્ટરે જણાવ્યું હતું કે 'ઝેંડે અને ડૉ. રામસ્વામીએ ટ્રસ્ટના કામને બિરદાવ્યું હતું. આ વિસ્તારનાં ૬૦ જર્જરિત મકાનોને તોડી પાડવામાં આવ્યાં છે. એ મકાનોમાં રહેતાં ૧૬૦૦ કુટુંબોને અન્યત્ર ખસેડવામાં આવ્યાં છે. મોટા ભાગના પરિવારોએ ટ્રાન્ઝિટ કૅમ્પમાં રહેવાનું પસંદ કર્યું છે.'

મ્હાડા - MHADA = મહારાષ્ટ્ર હાઉસિંગ ઍન્ડ એરિયા ડેવલપમેન્ટ ઑથોરિટી, CEO = ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર, MBRR = મુંબઈ બિલ્ડિંગ રિપેર ઍન્ડ રીકન્સ્ટ્રક્શન બોર્ડ, IOD = ઇન્ટિમેશન ઑફ ડિસઅપ્રુવલ